અપીલ અરજી નં.૨૯૯ તા.૧૬–૧–૦૯

અરજદારઃ શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળાઃ ડે.કમિશ્નર (પઅનેઈ) જાહેર માહિતી અધિકારી (કતારગામ ઝોન)

## *ફરીયાદની હકીકતઃ–*

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની તા.૨૩–૧૧–૦૮ની અરજીથી વેડ દરવાજાથી ડભોલી ચાર રસ્તા સુધીમાં કેટલી સોસાયટીઓ આવેલી છે તેમજ સોસાયટીની સીઓપીની જગ્યા પર દબાણો છે ?દબાણો હોય તો તેને કેમ દુર કરવામાં આવ્યા નથી? મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧૬–૧–'૦૯ ની અપીલ અરજી નં.૨૯૯/૨૦૦૮–૦૯

શ્રી ગુલામભાઈ મેમણની તા.૨૩–૧૧–૦૮ની અરજીથી વેડ દરવાજાથી ડભોલી ચાર રસ્તા સુધીમાં કેટલી સોસાયટીઓ આવેલી છે તેમજ સોસાયટીની સીઓપીની જગ્યા પર દબાણો છે? દબાણો હોય તો તેને કેમ દુર કરવામાં આવ્યા નથી? મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોનના પત્ર નં.અને.ઝેડ/આ.નં.૭૧૩૧ તા.૧૨–૧–૦૯ થી આપેલ જવાબ બાબતે માંગેલ માહિતીમાં સ્પષ્ટ જણાવેલ હોવા છતાં માહિતી ન મળવાના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૬–૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની ફી ભર્યાની વિગત સહિતની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ તથા આપવા જોગ પૂરક માહિતીની વિગતો તેમજ વિલંબ/ વિસંગતતા તથા ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૯૮ તા.૨૩–૧–૦૯ થી ડે.કમિશ્નર (પઅનેઈ) જાહેર માહિતી અધિકારી (કતારગામ) ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની અરજીમાં માંગવામાં આવેલ માહિતી અંગે વેડ દરવાજાથી ડભોલી ચાર રસ્તા સુધીમાં કેટલી સોસાયટીઓ તથા રોડની આજુબાજુની સોસા.ઓ કોઈ ચોકકસ લોકેશન કે વિગતો જણાવેલ નથી. કે તેના રસ્તાઓની ટીપી સ્કીમ કે ફા.પ્લોટ અંગે પણ માહિતી આપેલ નથી અરજદારની અપીલ અરજીમાં મુળ અરજીથી વેડ દરવાજાથી ડભોલી ચાર રસ્તા સુધી આજુબાજુ આવેલી સોસાયટીની માહિતીની રજુઆત કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ નં.એન.ઝેડ/આ.નં.૭૧૩૧ તા.૧૨–૧–૦૯ થી અરજદારને બંન્ને બાજુ કેટલા અંતર સુધી કઈ ટીપી સ્કીમ, ફાઈનલ પ્લોટ વિગેરે બાબતે સ્પષ્ટતા અંગે પત્ર પાઠવેલ છે. જેની સ્પષ્ટતા કરવાની જગ્યાએ અરજદારે પુનઃ તેમની રજુઆત અપીલના તબકકે પુનરાવર્તિત કરી નિશ્ચિત વિસ્તારના રોડની આજુબાજુની સોસાયટીની વિગત જણાવેલ છે. જયાં સુધી નિર્દિષ્ટ વિસ્તાર અને રોડની આસપાસની સોસાયટી અને સીઓપીની માહિતી તથા તેમાં થયેલ કાયદેસર, ગેરકાયદેસર બાંધકામની માહિતીને સબંધ છે ત્યાં સુધી તે કચેરી દફતરનો ભાગ ગણાય. અને તે દફતરે હોવાનું અનુમાનિત જ નહીં પરંતુ અનિવાર્ય ગણાય.

### *હુકમ*

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૩–૧૧–૦૮ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી આરટીઆઈની કલમ–૨(એફ) અને ૨ (આઈ) હેઠળ ઉપલબ્ધ દફતર પૈકીની હકીકતલક્ષી માહિતી અરજદારને દિન–૭ માં આરટીઆઈની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ પુરી પાડવા ડે.કીમશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૨ –૦૯.

ડે.***કમિશ્નર(જનરલ),***
અ***ને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ,***

(૧) ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામ ઝોન)....જાણ તથા અમલ માટે
(૨)શ્રી ગુલામભાઈ મેમણ,